| | | |
|---|---|---|
| GJAR040011142022 | કેસ મળ્યા તા. | ૦૫/૦૯/૨૦૨૨ |
| | રજીસ્ટરે નોંધ્યા તા. | ૦૫/૦૯/૨૦૨૨ |
| | અરજીના નિર્ણયની તા. | ૧૭/૦૪/૨૦૨૬ |
| | સમયગાળો : | વર્ષ– ૦૩ માસ– ૦૭ દિવસ– ૧૨ |

**મેઘરજ ના એડિશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, મેઘરજ**

**ફોજદારી કેસ નં. ૯૭૭/૨૦૨૨**
**આંક :**

(૧) શ્રી સરકાર
મેઘરજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૦૬૫/૧૬

**..ફરીયાદી**

**: વિરૂધ્ધ :**

(૧) સુરેશભાઈ ઉર્ફે બચાભાઈ વાઘાભાઈ ડામોર
રહે.લીંબોદરા(મોટાઘર),તા.મેઘરજ,જી.અરવલ્લી

**....આરોપીઓ**

**ચાર્જ : ઈ.પી.કો.કલમ– ૩૫૪(એ)(ડી),૫૦૬(૨) મુજબ**

---

સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. એ.એન.સૈની
આરોપીઓ તર્ફે વિધ્વાન વકિલ શ્રી વી.કે.કોટવાળ

---

**–:: ચુ કા દો ::–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, કોલમ નં ૧ માં જણાવેલ આરોપીએ મોજે લીંબોદરા (મોટાઘરા) ગામે તા.૯/૧૦/૧૬ ના ક. ૧૯/૦૦ વાગે ફરીની એકલતાનો લાભ લઈ એકદમ પાછળથી આવી બાથમા પકડી નીચે પાડી દઈ છાતી દબાવી આબરુ લેવાની કોશીશ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરી. ઈ.પી.કોડની કલમ-૩૫૪ (એ)(ડી), ૫૦૬(૨) મુજબનો ગુન્હો કરેલ હોવા સંદર્ભે ફરિયાદીની ફરીયાદ આધારે હાલના આરોપી વિરુધ્ધ મેઘરજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૦૬૫/૧૬ થી ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર પોલીસ અમલદારે તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને ધોરણસરના પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપીઓ હાજર થયેલ છે, જેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આંક- ૦૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને આંક-૦૪ પ્લી નોંધવામાં આવતા આરોપીઓએ પોતાની વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

**::<u>મૌખિક /દસ્તાવેજી પુરાવા</u>::**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી અખમબેન જમનાભાઈ ડામોર ની જુબાની | ૧૯ |
| ૨. | ફરિયાદ | ૨૦ |
| ૩. | પંચનામા | ૨૧ |
| ૪. | કલોજીંગ પુરશીશ | ૨૩ |

ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીના વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે તથા બચાવ પક્ષના વિ.વકિલ શ્રી ની મૌખિક દલિલો સાંભળવામાં આવેલ છે.

(૪) આ કામે આખરી ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :

**–:: મુ દ્દા ::–**

૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, કોલમ નં ૧ માં જણાવેલ આરોપીએ મોજે લીંબોદરા (મોટાઘરા) ગામે તા.૯/૧૦/૧૬ ના ક. ૧૯/૦૦ વાગે ફરીની એકલતાનો લાભ લઈ એકદમ પાછળથી આવી બાથમા પકડી નીચે પાડી દઈ છાતી દબાવી આબરુ લેવાની કોશીશ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરી.ઈ.પી.કોડની કલમ–૩૫૪ (એ)(ડી), ૫૦૬(૨) મુજબનો ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૫) મુદ્દા અંગેના નિર્ણય ::–

મુદ્દા નં. ૧ નો જવાબ : નકારમાં

મુદ્દા નં. ૨ નો જવાબ : આખરી હુકમ મુજબ.

**<u>મુદ્દાઓના નિર્ણય માટેના કારણો ::–</u>**

**મુદ્દા નંબર – ૧ :–**

(૬) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની સાબીતી માટે થઈને ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા, ફરીયાદી અખમબેન જમનાભાઈ ડામોર ને આંક- ૧૯ થી તપાસેલા છે, તેઓએ પોતાની કોર્ટ રુબરુની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે સાડા નવ વર્ષ અગાઉ સાંજના સાડા સાતેક વાગ્યે બનેલો. સદર બનાવ આરોપી સાથે સામાન્ય બોલાચાલી થતાં ગેરસમજના કારણે બનેલો તે સિવાય બીજુ કાંઈ બનેલુ નહી. આ ગેરસમજના કારણે મે મેઘરજ પોલીસ મથકે આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી. જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં મારી સહી છે જે ઓળખુ છુ. જે ફરીયાદની ખરી નકલને આંકે પાડવા બચાવપક્ષને વાંધો ન હોય રજુ દાખલ આંક. ૨૦ આપવામાં આવે છે.

પ્રોસીકયુસન તરફે તેઓને ફરી ગયેલા ફરીયાદી જાહેર કરી ઉલટ તપાસ કરવા છતા ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ જ હકીકતો મળી આવતી નથી. બચાવ પક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરતા જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપી સાથે મારે ગેરસમજ થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં. એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીએ મારી એકલતાનો લાભ લઈ એકદમ પાછળથી આવી આરોપી મારી પાછળ આવી ગયેલ અને મને બાથમાં પકડી અને નીચે પાડી દીધેલી અને મારી સાડી પકડી ખેંચવા લાગેલો અને મારા બ્લાઉજના બટન પકડી ખેંચવા લાગેલો જેથી મારો બ્લાઉજ ફાટી ગયેલો અને મારી છાતી દબાવવા લાગેલો જેથી હું જોર કરી તેને ધકકો મારી ઉભી લઈ ગયેલી જેથી આ સુરેશભાઈએ મારો હાથ પકડી મને કહેવા લાગેલ કે અહિંયાથી કેમ નીકળેલ છે આ રસ્તો તારા બાપનો છે તેમ કહી મારી સાથે જપાજપી કરવા લાગેલ નથી કે મને જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી થતાં આવેશમાં આવીને મે ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે પોલીસે બનાવ સબંધે પોલીસે માત્ર મારૂ નામ સરનામું પુછેલ તે સિવાય બીજી કોઈ હકીકત મને પુછેલ નહી કે મે લખાવેલ નહી.

(૭) આમ આ કામે ફરિયાદપક્ષના પુરાવાને ઘ્યાને લેવામાં આવે તો આ કામે આરોપીઓ દવારા કોઈ સ્ત્રીની જાતીય સતામણી કે તેનો પીછો કરવામાં આવેલ છે કે કેમ તે બાબતે કોઈ નકકર હકીકત ફલીત થતી નથી ત્યારે આ કામે આરોપીઓ દવારા ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૫૪ (એ)(ડી) મુજબનો ગુનો પુરવાર કરતી કોઈ નકકર હકીકત ફરિયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ જતા હોય આ કામે આરોપીની ઈ.પી.કો. કલમ– ૩૫૪(એ)(ડી) મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવવાની અરજી જણાય છે.

(૮) ફરિયાદપક્ષ આરોપી વિરૂઘ્ઘ ફરિયાદીને જાનથી મારી નાખવાની ઘમકી આપવાનું તહોમત છે જે અનુસંઘાને રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા પહેલા ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) વંચાણે લેવામાં આવે તો, '' જો ઘમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની, આજીવન કેદની અથવા ૭ વર્ષની મુદતની કેદની શિક્ષાપાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી ચારિત્ર હિંસા આડ મુકવાની હોય'' આ કામે ફરિયાદીની જુબાની વંચાણે લેતા બનાવ સમયે આરોપી દવારા ફરિયાદી જાનથી મારી નાખવાની ઘમકી આપવામાં આવેલ કે અન્ય કોઈ પણ પ્રકારની ઘમકી આપવામાં આવેલ હોય તેમજ તેવી ઘમકીના કારણે ફરિયાદી કાર્યો કરવા માટે કાયદેસરના અધિકૃત ન હોય તેમજ તેવુ કૃત્ય કરવા બીકના કારણે ફરજ પડેલ હોય તેમજ જે કાર્ય કરવાનો સદરહુ ફરિયાદી ની કાયદેસરની ફરજ હતી તેવુ કૃત્ય આરોપીની ઘમકીની બીકના કારણે કરેલ ન હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કલમની જોગવાઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા **Jivanbhai Devjibhai Bhogayata Vs. Mohanbhai**

**Purshottam Mokariya Brahmin and Ors. [2015] 0 Supreme (Guj) 192** ના ચુકાદામાં ગુના સબબ પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ કોઈ ભયજનક પરિસ્થિતી ફરિયાદીને જણાવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરવામાં આવેલ નથી ત્યારે હાલના સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૬(૨) મુજબનુ તહોમત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૦૯) આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદ પક્ષે મહત્વના કહી શકાય એવા ફરિયાદી આંક–૧૯ તેમનો સોગંદ ઉપરનો પુરાવો રજુ થયેલ છે તેઓ આંક–૨૦ વાળી ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. ફરિયાદીના પુરાવાથી આ કામના આરોપીને ફરીયાદી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજું કાંઈ બનેલુ નહીં આરોપીએ  માર મારી ઈજા પહોંચાડેલી નથી. આરોપીએ  બનાવ સમયે કોઈ ગાળો બોલેલી નથી કે કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી નથી કે કોઈ શારીરીક છેડછાડ કરી કપડા ફાડેલ નથી. સામાન્ય બોલાચાલી થતાં આવેશમા આવીને ફરીયાદ આપેલી છે. આમ, આંક–૨૯ વાળા ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર મદદરૂપ થતો નથી.આમ આરોપીઓ વિરૂધ્ધ આરોપના તત્વો સાબિત થતા નથી. તેમજ આક–૨૩ થી ફરિયાદપક્ષ તરફથી કલોઝીંગ પુરશીશ રજુ કરી ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય કોઇ મૌખીક પુરાવો માગતા નથી તેવુ જાહેર કરેલ છે. તેથી અન્ય કોઈ સાહેદોને તપાસેલ નથી. આમ, ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો બનાવ છે તે સામાન્ય બોલાચાલીનો છે. બનાવમાં આરોપીએ ફરીયાદી બેનની એકલતાનો લાભ લઈ બાથમાં પકડી લઈ છાતી દબાવી રાખી આબરૂ લેવાની કોશીશ કરેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આ સાહેદના સોગંદ

પરના પુરાવાથી રેકર્ડ પર જણાઈ આવતો ન હોય તે સંજોગોમાં આરોપીને દોષિત માની શકાય તેમ નથી. ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરતા નથી, કહેવાતો બનાવ આરોપીઓ ધ્વારા બનેલ હોય તેવો કોઇ જ પુરાવો રેકર્ડ પર આવતો ન હોવાથી આરોપી વિરૂધ્ધ આરોપ મુજબના તત્વો સાબિત થતા નથી, આમ, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ કોઇ પુરાવા રજુ કરી શકેલ ન હોય, આમ ફરિયાદીની જુબાની જોતાં આરોપી વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે જુબાની આપેલી નથી, તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી અને તે રીતે મુદ્દા નં.૧ ની હકીકત ફરિયાદપક્ષ સાબીત કરવામાં સરીયામ નિષ્ફળ ગયેલ હોય, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ **એ.આઈ.આર. ૨૦૦૮ (સુ.કો.) પાન નં. ૧૯૬૯** માં ઠરાવ્યા મુજબ કેસના સંજોગો જોતા જયારે ફરિયાદી પોતે જ જયારે પોતાના કેસને બીલકુલ સમર્થન આપતા ન હોય ત્યારે ફરિયાદપક્ષ તરફે બીજા અન્ય સાહેદોને તપાસવાથી કે સાંયોગિક પુરાવો એકત્ર કરવાથી કેસમાં કોઈ પરિણામ આવી શકે તેવા સં જોગો જણાતા નથી, તેથી આવા કેસોમાં બચેલો સમય અન્ય સારા અને તકરારી કેસોને ફાળવવો જોઈએ, અત્રેના કેસમાં પણ પક્ષકારો વચ્ચે જે તકરારો હતી તે પૂર્ણ થઈ ગયેલ છે, તેવા સંજોગોમાં આ કેસને વધુ લાંબા સમય સુધી પડતર રાખવાનુ યોગ્ય જણાતુ નથી. આમ ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧)આ કામના આરોપી(૧) સુરેશભાઈ ઉર્ફે બચાભાઈ વાઘાભાઈ ડામોર રહે.લીંબોદરા(મોટાઘર),તા.મેઘરજ,જી.અરવલ્લી નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ભરતીય દંડ સંહીતાની કલમ–૩૫૪ (એ)(ડી), ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:– ૪૩૭(એ) અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચરકા છ માસનો સમય વિત્યા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૭મી એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| **તા. ૧૭/૦૪/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(હેમોરસિંહ મનુભાઈ પરમાર)**<br>**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**મેઘરજ**<br>**(કોડ નં.જી.જે.૦૧૨૭૬)** |